# રામમંદિર નિર્માણ ભૂમિપૂજનમાં મહંતશ્રી શાંતિગીરીજીને ઉપસ્થિત રહેવા નિમંત્રણ

હિંમતનગર, તા. ૩૧

શ્રી રામ જન્મસ્થાન સરયુ તટ પર અયોધ્યાની પાવન ભૂમિ પર શ્રીરામના ભવ્ય શ્રી રામમંદિર નિર્માણનું ભૂમિપૂજન ૫ ઓગસ્ટ થવાનું છે.

ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહેવાના છે. ત્યારે ભારતના વિવિધ રાજયોમાં આવેલા વિવિધ સાધુ-સંતોને ભવ્ય રામ મંદિરના



પૂજાવિધિ તેમજ ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ત્યારે ગુજરાત રાજયના સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના વડીયાવાર ગામના મહંત શ્રી શાંતિગીરીજીને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું છે. જેને લઈ વિશ્વ હિંદુ પરિષદ સાબરકાંઠા ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



બાયડ તાલુકાની પાલડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની તરફથી પાલડી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા તમામ બાળકોને કોરોના થી બચવા માટે ઘરે ઘરે જઈ ને માસ્ક નું વિતરણ કર્યું. તથા શાળા ના ધોરણ ૧ થી ૮ ના શિક્ષકો એ ઘરે ઘરે જઈને ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોને ઘરે શીખીએ પુસ્તક, એકમ કસોટી બુક તથા એકમ કસોટીના પ્રશ્નપત્રનું વિતરણ કર્યું હતું.

### અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રનું મહા ઓપરેશન..!

# કતલખાને લઈ જવાતા ૨૦૦થી વધુ પશુઓને બચાવાયા

મોડાસા, તા. ૩૧

નિર્દોષ ગાયો અને પશુઓ ખાનગીવાહનોમાં કતલખાને લઈ જતા ક્રૂર કસાઈઓ વધુને વધુ બેફામ બનતા જાય છે. હિન્દુત્વની, ગૌમાતાની વાતો કરનાર ભાજપની સરકારમાં કસાઈઓ પર કોઈ કાબુ ન રહ્યો હોય તેમ પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે કસાઈઓ જાહેરમાં પશુઓને બેરોકટોક હેરાફેરી થાય છે પોલીસ પણ જાણે છે કે ખાનગી વાહનોમાં રોજ નિર્દોષ ગાય વાછરડાને કતલ ખાને ધકેલી રહ્યા છે ખેર ગૌમાતા રક્ષકનો મુખવટો પહેરી ગૌરક્ષાના બણગાં ફૂંકતી ભાજપ સરકારમાં કસાઈઓ બિન્દાસ્ત બન્યા હોવાની બૂમો જીવદયા પ્રેમીઓ પાડી રહ્યા છે મોડાસા નજીકથી જીલ્લા પોલીસતંત્રએ ૨૦૦ થી વધુ ગૌવંશ અને પશુઓને કતલખાને ધકેલતા





બચાવી લીધા હતા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાંદ ટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે મોડાસાના કતલખાનાઓમાં ગૌવંશની કતલ થતી હોવાની બૂમો વારંવાર ઉઠી રહી છે ત્યારે મોડાસાને અડીને આવેલા પહાડપુરથી કસ્બા સુધી માઝુમ નદીના કિનારે ઝાડી-ઝાંખરા માં ગેરકાયદેસર મોટી સંખ્યામાં ગૌવંશ અને પશુઓ ને કતલખાને ધકેલવાની પેરવી કરી રહ્યાની બાતમી મળતા એસપી મયુર પાટીલ અને ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પીઆઈ આર.કે.પરમાર તેમની ટીમ ,મોડાસા ટાઉન પોલીસ પીઆઈ વાઘેલા ટાઉન પોલીસ જવાનો તેમજ એસ.ઓ.જી સહીત પોલીસ જવાનોના મોટા કાફલા સાથે કોમ્બિંગ હાથધરાતા કસાઈઓ પોલીસ જોઈ ફરાર થયી ગયા હતા.પોલીસ ને ઝાડી-ઝાંખરા માંથી મરણતોલ હાલતમાં બાંધેલા ૨૦૦ થી વધુ ગૌવંશ અને પશુઓને બચાવી લઈ પશુઓ માટે ઘાસચારા અને પાણી ની વ્યવસ્થા કરી ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપી અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધવા મોડાસા ટાઉન પોલીસે કાર્યવાહી હાથધરી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી.

ગુરુવારે સાંજના ૪ વાગ્યાના સુમારે મોડાસા ટાઉન પોલીસ ને બાતમીદરો મારફતે બાતમી મળી હતી કે મોડાસા નગરપાલિકા ના રાણાસૈયદ વિસ્તાર ના ઝાડી-ઝાંખરા માં મોટી સંખ્યામાં ગાય,બળદ, ભેંસ, પાડા, પડીઓ, જેવા પશુઓ સંતાડી ગોંધી રાખી ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલવાની ફિરાકમાં હોવાની બાતમી મળતા મોડાસા ટાઉન પોલીસ, એલસીબી પોલીસ તાબડતોબ મોટા પોલીસ કાફલા સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ખુલ્લી જગ્યા તેમજ ઝાડી-ઝાંખળા વિસ્તારમાં ઓપેરશન હાથધરાતા પોલીસ નો મોટો કાફલો જોઈ અજાણ્યા શખ્શો પશુઓ ઘટનાસ્થળે રાખી ફરાર થયી ગયા હતા પોલીસે ઘટનાસ્થળે થી કસાઈઓના વાહનો જપ્ત કર્યા હતા અને તમામ પશુઓને બચાવી લઈ ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપવા તજવીજ હાથધરી હતી હાલ તો પોલીસે લાખ્ખો રૂપિયાનો નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યાશખ્શો વિરુદ્ધ ઘી પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ મુજબ અજાણ્યા શખ્શો વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

**મોડાસા શહેરમાં ગેરકાયદેસર કતલખાનાં ધમધમી રહ્યા છે**

અત્રેઉલ્લેખનીય છે કે મોડાસા નજીક આવેલા બે રહેણાંક વિસ્તારો માં કેટલાક શખ્શો દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદેસર રીતે કતલખાના ધમધમી રહ્યા હોવા છતાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી અને વર્ષેદહાડે એકાદ બે વખત આરીતે બાતમીના આધારેજ કાર્યવાહી કરવામાં આવતી હોવાનું લોકો જણાવી રહ્યા છે.અમુક જૂજ લુખ્ખાતત્વો દ્વારા ગેરકાયદેસર કતલખાના ચલાવતા આ બંને વિસ્તાર ના તમામ લોકો આવા અસામાજિક તત્વો સામે પોલીસ શખ્ત કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

### અરવલ્લી જિલ્લામાં 'બકરી ઇદ' નિમિત્તે જાહેર કે ખાનગી જગ્યામાં

# પશુની કુરબાની કે પ્રાણીઓને શણગારી સરઘસ આકારે ફેરવવા પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

ભિલોડા, તા.૩૧

મુસ્લિમ ધર્મનો તહેવાર " બકરીઈદ " (ઈદ-ઉલ-અઝા ) તા. ૦૧ ઓગસ્ટ ૨૦૨૦ના તહેવાર આવે છે,આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની (Sacrifice) આપવામાં આવે છે, અને આ કુરબાની (Sacrifice) જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈ પણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુબાવાના કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહેલ હોઈ, જે અંગે સરકાર દ્વારા વખતો વખત ગાઈડલાઈન બહાર પાડી કોરોના વાયરસને નિયંત્રીત કરવા માટેના તમામ તકેદારીના પગલા લેવામાં આવી રહેલ છે, તેમજ હાલમાં કોરોનાનું સંક્રમણ વધી રહેલ છે, આથી પરિસ્થિતીને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ સમગ્ર જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અમૃતેશ ઔરંગાબાદકર, અરવલ્લી જિલ્લા, મોડાસાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨ )ની કલમ-૧૪૪ મુજબ જરૂરી હુકમો કરાયા છે.

જેથી અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ મોટી મસ્જિદો, ઈદગાહોમાં બકરી ઈદના તહેવાર અન્વયે મોટા પ્રમાણમાં લોકો નમાજ માટે એકત્રિત થવાનો કે જુલુસ યોજવાની શકયતા હોઈ તેવા આગેવાનો/ટ્રસ્ટીઓ / સંચાલકો/મૌલવીઓને કોવિડ-૧૯ અન્વયે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ કોઈ પણ વ્યકિતએ કોઈ પણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં શેરીઓમાં કે મહોલ્લાઓમાં વગેરે જગ્યાએ જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી તેમજ કોઈ પણ પ્રાણીને શણગારીને એકલા સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી, " બકરીઈદ " તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી, કોવિડ-૧૯ની મહામારી ચાલતી હોઈ તમામ વ્યક્તિઓએ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે, જાહેર જગ્યામાં કોઈ પણ વ્યકિતએ થુંકવું નહી. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર ઈસમ ચારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# ભિલોડાના રામેળા ગામેથી મોટા કંથારિયાના સખ્શે સગીરાનું અપહરણ કરતાં ચકચાર

મોડાસા, તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામેળા ગામે રહેતી ૧૬ વર્ષીય સગીરાને મોટા કંથારીયા ગામનો વિનોદ બદાભાઈ ઢૂસા નામનો શખ્સ ગામના રમેશ સવજીભાઈ ખરાડીની મદદ લઈ સગીરાને ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયો હતો.જેને લઈ સગીરાના પરિવારે શોધખોળ હાથધરી હતી આ અંગેની જાણ રમેશ ખરાડીને થતા સગીરાના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપતા સગીરાના પરિવારજનો ફફડી ઉઠ્યા હતા સગીરાના પિતાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં વિનોદ બદાભાઈ ઢૂસા અને રમેશ સવજીભાઈ ખરાડી સામે ફરિયાદ નોંધાવતાં ભિલોડા સર્કલ પીઆઈ એસ.એન પટેલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલ શ્રી બાજોઠીયા સ્વયંભૂ મહાદેવના મંદિરનો પુનઃ જીર્ણોધ્ધાર

**શ્રી બાજોઠીયા મહાદેવને રાજ્ય સરકાર પર્યટન સ્થળ તરીકે જાહેર કરે તો ગુજરાતનો મોટું પિકનિક સ્થળ બની શકે તેમ છે : પાલનપુરના વેપારીઓ, દાતાઓ, વિકાસ સમિતિના સભ્યો તથા ટ્રસ્ટીઓ દ્વારા ફરી જીર્ણોધ્ધાર**

ડીસા, તા. ૩૧

ઉત્તર ગુજરાતમાં નામના ધરાવતો અને શિવભક્તોનો પ્રિય એવું ચમત્કારિક સ્વયંભૂ શ્રી બાજોઠીયા મહાદેવનું મંદિર પાલનપુરથી ૨૦ કિલોમીટર ના અંતરે પ્રકૃતિનાં ખોળે અને અરવલ્લીની ગિરિમાળાના પર્વતો બાજુમાં હોવાથી ઉત્તર ગુજરાતમાંથી દૂર દૂરથી શિવ ભક્તો અહીંયા ખાસ કરીને શ્રાવણ માસમાં દર્શન કરીને પોતાની ધન્યતા અનુભવે છે અને પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે.



આ મંદિરનો ઈતિહાસ પૌરાણિક તથા ઐતિહાસિક મહત્વ પણ જોડાયેલું છે.લોકવાયકા તથા દંત કથા મુજબ પાંડવો જયારે અજ્ઞાતવાસ ભોગવતા હતા ત્યારે આ પવિત્ર ધામમાં પાંડવો આવ્યા ત્યારે ભગવાન શિવની બાજોઠ પર પૂજા કરી હોવાથી આ પવિત્ર સ્થળનું નામ શ્રી બાજોઠીયા મહાદેવ પાડવામાં આવ્યું હતું. કહેવામાં આવે છે કે ભીમે અહિયાં વિશેષ પૂજા-અર્ચના પણ કરેલી છે.ત્યારથી અહીંયા જે શિવભક્તો શ્રાવણ માસમાં ચમત્કારી સ્વયંભૂ શિવને બીલીપત્ર ચડાવવા તથા પૂજા-અર્ચના કરે છે તેમની મનોકામનાઓ ચોક્કસ થી પૂર્ણ થાય છે. આ સ્થળની વિશેષ ખાસિયત એ છે કે બનાસ નદીના પટ પર આવેલ હોવાથી શ્રાવણ માસમાં શિવભક્તો બનાસ નદીમાં સ્નાન કરીને હવન,યજ્ઞ વગેરે પૂજાપાઠ અહીંયા કરે છે.

અહીંયા ખાસ કરીને ઉલ્લેખ કરવામાં આવે તો થોડા સમય પહેલા મંદિરના વિકાસ માટે પાલનપુરના વેપારીઓ, ટ્રસ્ટીઓ,વિકાસ સમિતિના સભ્યો અને દાતાઓના સહયોગથી ચમત્કારિક સ્વયંભૂ શ્રી બાજોઠીયા મહાદેવના મંદિરને દિવસ-રાત એક કરીને ટૂંક જ સમયમાં પૂર્ણ જીણોધ્ધાર ની સાથે સાથે મંદિર પરિસરને સુંદર રીતે ડેવલોપીંગ કરવામાં આવ્યું .હાલમાં વિકાસની વાત કરવામાં આવે તો હાઈટ પર બાળકોને રમવાના સાધનો સાથે નવું ચિલ્ડ્રન પાર્ક બનાવવામાં આવ્યું તથા પ્રકૃતિનાં ખોળે વચ્ચે હાઈટ ઉપર સુંદર બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવે છે.પૂજા, હવન તથા પિકનિક કરવા આવતા લોકો માટે નવું રસોડું તથા હોલ પણ બનાવવામાં આવ્યો છે .આવનારા દિવસોમાં ભગવાન શિવની ૨૦ ફૂટ મોટી શિવમૂર્તિ તથા યજ્ઞ કુટીર બનાવવાનું કામગીરી હાથ ધરેલ છે.

રાજ્ય સરકાર આ પવિત્ર ધામને પર્યટન સ્થળ તરીકે જાહેર કરે તો આવનારા વર્ષોમાં ટૂરિસ્ટો માટે ગુજરાતમાં મોટું પિકનિક સ્થળ અને શિવભક્તો માટે મોટું શિવધામ બની શકે તેમ છે. હાલમાં વર્ષે દરમિયાન લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરીને પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જાયન્ટસ ગુપ દ્વારા આજે પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ ખાતે સેવાકીય પ્રવૃતિઓમાં કાર્યરત જાયન્ટસ ગુપ ઓફ પ્રાંતિજ દ્વારા પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ સંકુલમાં આયુર્વેદિક રોપાઓનું વુક્ષા રોપણ કરવામાં આવ્યું તો આ પ્રસંગે જાયન્ટસ ગુપના પ્રમુખ ડૉ. કેયુરભાઇ પ્રજાપતિ, વજેશભાઇ ભાવસાર, હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, ટ્રસ્ટી એ.કે.પટેલ, કેમ્પસ ડાયરેક્ટર નુપાંશ ભાઈ પટેલ સહિત કોલેજ એન્ડ સ્કુલ નો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં.



વિશ્વ હિન્દુ પરિષદ,ઉત્તર ગુજરાત પ્રાંત દ્વારા કોરોના મહામારી વખતના લોક ડાઉન સમયે અને તે બાદ પણ ખેડબ્રહ્મા અને આજુબાજુના વિસ્તારમાં જે શ્રેષ્ઠીઓએ/સમાજ સેવકોએ દાનથી અને અન્ય રીતે રાત દિવસ ખડે પગે રહી પોતાની નૈતિક ફરજ સમજી જે લોક સેવા/રાષ્ટ્ર સેવા બજાવેલ છે તેઓશ્રીઓને તથા સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને અભિવાદન પત્ર પાઠવવામાં આવેલ.આ પ્રસંગે વિશ્વ હિંદુ પરિષદ, ખેડબ્રહ્માના હોદ્દેદારો શ્રી પુરુષોત્તમભાઈ પટેલ,ચેતનભાઈ ધોળું,કમલભાઈ પંડ્યા,વિરલભાઈ વોરા તથા મનિષભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.



આપણી સોસાયટી હરિયાળી સોસાયટીના ભાગ રૂપે રચના પાર્ક સોસાયટીના પ્રમુખ તારક પટેલના માર્ગદર્શન અને નગરપાલિકા મોડાસાના સહયોગથી પ્રો. ડૉ. ગોપાલભાઈ પટેલે , લલિત પટેલ, પિનાકિનભાઈ ઉપાધ્યાય, નટુભાઈ પટેલ વગેરે રચના પાર્ક સોસાયટી કોમન પ્લોટ નં -૩ માં ફળઆઉ વૃક્ષ વિટામિન-સીથી ભરપૂર શેતૂર , બૉરસલિ વગેરે વૃક્ષ પ્લાન્ટ વાવ્યા હતાં . પ્રમુખ તારક પટેલના જણાવ્યા અનુસાર આવનાર સમયમાં હજુ વધુ વૃક્ષ વાવી આજુબાજનાં સમગ્ર વિસ્તારને હરિયાળો બનાવવા પ્રયત્નો હાથ ધરાશે.

# મોડાસાના ડીપ વિસ્તારમાં એસટી બસ અને કાર વચ્ચે અકસ્માત

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં અનલોકમાં અકસ્માતની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં એસટી બસે પાછળથી કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો સદનસીબે જાનહાની ટળી હતી પરંતુ અકસ્માતના પગલે શહેરના મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો ટ્રાફિકજામથી મોડાસા-શામળાજી માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગતા વાહનચાલકોની



હાલત કફોડી બની હતી ટ્રાફિકજામના પગલે દોડી આવેલ પોલીસે વાહન વ્યવહાર પુર્વરત કરાવતાં વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.



મેઘરજ શિક્ષક શરાફી મંડળી તરફથી વય મર્યાદાના કારણે નિવૃત થતા ડેરીયા શાળાના આચાર્યચીમનભાઈ કલાસવાનો સન્માન સમારંભ કસાણા જૂથ શાળા ખાતે રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે સી.આર.સી.કો-ઓર્ડીનેટર ભરતભાઈ ગુર્જર, ટીચર્સ મંડળીના કારોબારી સભ્ય અયુબભાઈ ચડી, વડીલ કનુભાઈ, રમેશભાઈ ભગોરા, તથા જૂથના શિક્ષકો હાજર રહ્યા હતા, કાર્યક્રમને અંતે આભાર વિધિ શિક્ષક બાલુભાઈ એ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નવાગામ ક પ્રાથમિક શાળાના ઉપ શિક્ષક રાજુભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના શ્રીજી જવેલર્સના માલિકે ચાંદીનું માસ્ક બનાવરાવીને પહેર્યું



પ્રાંતિજ તા.૩૧

શોખએ શોખ છે પછીએ અમીર હોય કે ગરીબ પણ પોતાના શોખ પુરો કરતા હોય છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં જવેલર્સના વેપારીએ માસ્ક નું ચુસ્ત પણે પાલન ની સાથે પોતાના શોખ ને લઈને પોતે ચાંદીનું માસ્ક બનાવરાવ્યુ છે અને પહેરે છે ત્યારે પોતે કોરોના વાયરસ ના સંક્રમણ થી બચવાની સાથે પોતે પોતાનો શોખ પણ પૂર્ણ કર્યો છે.

હાલ કોરોના ની મહામારી ચાલી રહી છે ત્યારે હજુ આ કોરોના વાયરસ હાલ પીછો છોડવાનો નથી ત્યારે સરકાર દ્વારા પણ કોરો ના વાયરસ ને લઈને કેટલાક કડક નિયમો બનાવ્યા છે ત્યારે ખાસ કરી ને ફરજીયાત માસ્ક પહેરવા તથા અન્ય ઉપાયોની સાથે સોશિયલ ડિસ્ટન્સ પણ જરૂરી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજાર ચોક વિસ્તારોમાં આવેલ શ્રીજી જવેલર્સના માલિક ભુનેસ ભાઈ ઉર્ફે અકુભાઈ ચોક્સી એ પોતાના શોખ ની સાથે પોતે સરકારના ચુસ્ત નિયમો અને પોતાના શરીરની સુખાકારીને લઈને પોતે ચાંદીનું સ્પેશયલ એનએચ-૯૫ જેવુ બનાવેલ છે અને ચાંદીનું આ માસ્કનું વજન પણ ૧૨૫ ગ્રામ થાય છે તો તેની કિંમત પણ રૂપિયા-૯૦૦૦ ની આસપાસ થાય છે તો આ માસ્ક ની ખાસિયત એ પણ છે તે વોસેબલ છે તેમજ સેનીટાઈઝ પણ કરી શકાય છે અને હાલ ચાલી રહેલ કોરોના ની મહામારી હજુ કયાં સુધી ચાલશે તે નક્કી નથી ત્યારે પોતે પોતાના શોખ ની સાથે ચાંદી નુ માસ્ક બનાવરાવ્યુ છે અને હાલતો પોતે કોરોના વાયરસ ના સંક્રમણ થી પણ બચવા માટે આ માસ્ક નો ઉપયોગ કરે છે અને પોતાનો શોખ પણ સાથે સાથે પુર્ણ કર્યો છે અને સરકાર દ્વારા માસ્ક ફરજીયાત પહેરવાની સુચનાઓનુ પણ ચુસ્ત પણે પાલન કરે છે.